

## ધનસુરામાં ધોધમાર વરસાદ : ઠેર ઠેર પાણી ભરાયાં

ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો ધોધમાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા સાથે ધોધમાર વરસાદથી ધનસુરાના રોડ પર પાણી ભરાયા હતા. પાણી ભરાતા રોડ પર નદીઓ જેવા દ્રશ્યો સર્જાયા હતા. રોડ પર પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ધનસુરાના પરબડી, બજાર તેમજ રોડ અને નીચાણવાળા વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા પાણી ભરાયા હતા. વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીથી રાહત થઈ હતી સાથે ખેડૂતો પણ ઘણા સમયથી સારા વરસાદની રાહ જોઈ રહ્યા હતા ત્યારે ધનસુરામાં ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોને પણ રાહત થઈ હતી.

# સાબરકાંઠા, અરવલ્લીમાં સાંબેલાધારે વરસાદથી ખુશાલી, પ્રાંતિજમાં ૪ ઈંચ વરસાદ



## ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદથી ખેતરો બેટમાં ફેરવાયાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અનેક વિસ્તારોમાં સાંબેલાધારે વરસાદ વરસતાં ખુશાલી છવાઈ છે. વરસાદ ખેંચાયો અને આકાશમાંથી અગનગોળા વછૂટતાં ગરમી પ્રકોપ વધ્યો હતો જેના કારણે ખેડૂતોની ચિંતા વધી પરંતુ ગત રોજ સમી સાંજથી જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓમાં વરસાદની હાજરીના કારણે ખેડૂતો મલકાયા છે. પ્રાંતિજમાં મેઘરાજાની દેધનાધનના કારણે ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. પોશીના, હિંમતનગરમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યાનું જાણવા મળ્યું છે.

જુલાઈ મહિનો પૂર્ણાહૂતિ તરફ છે. વરસાદના દિવસોમાં આકરા ઉનાળા જેવી ગરમીના કારણે વાવેતર નિષ્ફળ જાય તેવો ભય હતો. ખેડૂતોએ સિંચાઈનાં પાણી મૂકવાની શરૂઆત કરી. હવામાન વિભાગની વરસાદની આગાહી પછી પણ જિલ્લામાં વરસાદ વરસતો ન હતો. ભયંકર બફારાથી પ્રજા ત્રાસી ઉઠી હતી. ખેડૂત પરિવારો વરસાદ માટે પ્રાર્થના કરતા જોવા મળ્યા. ઉત્તર ગુજરાતમાં વરસાદની સીસ્ટમ સક્રીય થઈ અને પાછલા ૨ દિવસથી જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. ખેડૂતોએ મોંઘદાટ બિયારણ લાવી ચોમાસુ પાકનું વાવેતર કર્યું હતું. વરસાદ ઘોંચમાં પડતાં ખેડૂતોને બિયારણ નિષ્ફળ જાય તેવો ભય સતાવતો હતો. છેવટે કુદરતે ખેડૂતોનું સાંભળ્યું હોય તે રીતે જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદની હાજરી નોંધાઈ છે.

### કોરોનાની બીજી લહેર પછીનું ચિત્ર

# સાબરકાંઠા, અરવલ્લીના ગામડાઓમાં શાકભાજી-કરીયાણાનો વેપાર વધ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫ કોરોનાની બીજી લહેરની વિદાયનું રટણ શરૂ થયું છે. ત્રીજી લહેરના ભણકારા વાગતાં તેની આગોતરી તૈયારીઓ શરૂ થઈ છે પરંતુ કોરોનાની બીજી લહેર પછીનું ગામડાનું ચિત્ર જોવા જેવું છે. શહેરી વિસ્તારોમાં કોરોનાથી બચવા માટે લાખો લોકો ગામડાઓમાં પહોંચ્યા પછી સ્થાનિક શાકભાજી અને કરીયાણાના વેપારમાં બમણો વધારો થયો છે પરંતુ કોરોનાના કારણે ટેલરીંગ તેમજ અન્ય ધંધા પડી ભાંગ્યા છે જેના કારણે નાના ધંધાર્થીઓને પોતાના ધંધાના શટર પાડવાની ફરજ પડી છે. જિલ્લાના અસંખ્ય લોકો ગામડાઓમાં ધંધા ન હોવાથી ખાનગી નોકરીઓ શોધવા

**ગામડાઓમાં ટેલરીંગ સહિતના ધંધા પડી ભાંગ્યા, ધંધાર્થીઓ ખાનગી નોકરીની શોધમાં પણ શહેરોમાં નોકરી નથી**

માંડ્યા છે પરંતુ શહેરી વિસ્તારોમાં કોરોનાના સંક્રમણથી ધંધા અનલૉક પછી પણ પાટા ઉપર ચઢ્યા નથી જેથી ધંધો ગુમાવનારા બેરોજગારોની હાલત કફોડી બની છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શરૂઆતના દિવસોમાં કોરોનાનું સંક્રમણ અંકુશમાં રહ્યું હતું પરંતુ અનલૉક-૨ પછી સ્થિતિ બેકાબુ બની ગઈ. છેલ્લા એક પખવાડીયાથી બંન્ને જિલ્લામાં કોરોનાના કેસમાં ઘટાડો થયો છે. પરંતુ હજુ સુધી શહેરી વિસ્તારોના ધંધા ધમધમતા થયા નથી. ગ્રામ્ય વિસ્તારોમાં માનવ વસતીમાં કોરોના ઈફેક્ટથી વધારો થતાં તેનો સીધો ફાયદો ધંધા-રોજગારો ઉપર સ્પષ્ટ દેખાયો છે. શાકભાજી અને કરીયાણાના વેપારમાં તો બમણો વધારો થયો છે પરંતુ તેની સામે સ્થાનિક ટેલરીંગ, સુથારીકામ, કડીયાકામ, પ્લમ્બિંગ કામ, ટાઈલ્સ ફીટીંગ, કલર કામ સહિતના ધંધા પડી ભાંગતાં અસંખ્ય લોકો કોરોના કાળમાં ઘરનું ગુજરાન ચલાવવામાં પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. કોરોના ઈફેક્ટથી ગામડાંના અર્થતંત્રને જરૂર ફાયદો થયો પરંતુ તેની સામે નાના ધંધા-રોજગારો તહસ નહસ થઈ ગયા છે. ધંધો ગુમાવનારાઓ ખાનગી નોકરીની આશા રાખી શહેરો તરફ નજર કરે છે પરંતુ શહેરી વિસ્તારોમાં કોરોનાના વધેલા સંક્રમણથી પેઢીના સંચાલકોને કામદારોનો પગાર પણ કરવો મુશ્કેલ બન્યો હોવાથી અસંખ્ય લોકોને નોકરીથી હાથ ધોવા પડ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ધંધો ગુમાવનારાઓની હાલત કોરોનામાં જાયે તો જાયે કહાં જેવી થઈ છે.

# સપ્તેશ્વર ધામમાં વરસતા વરસાદમાં લોકોની ભીડ, કોરોનાનું સંક્રમણ વધી શકે છે

### માસ્ક ભૂલાયા, વેપારીઓને ઘરાકીમાં રસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫ સાબરકાંઠા જિલ્લાના યાત્રાધામ સપ્તેશ્વરમાં



રવિવારે વરસતા વરસાદમાં લોકોની ભીડ જોવા મળી. માસ્ક પહેરવાના ભૂલાયા અને વેપારીઓએ પણ સમય પારખી ભાવ વધુ ખંખેર્યાના આક્ષેપ શરૂ થયા છે. યાત્રાધામમાં જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો સરેઆમ ભંગ થતો હોવા છતાં કોઈ પગલાં ભરાયાં નથી.

કોરોનાની ત્રીજી લહેર બહુ ઘાતક નહીં હોય તેવા નિવેદનો વચ્ચે હવે લાગે છે કે પ્રજા બિન્દાસ્ત બન્યા પછી કોરોનાનું સંક્રમણ ત્રીજા તબક્કામાં હાહાકાર મચાવી શકે છે. છેલ્લા એક પખવાડીયાથી જાહેર સ્થળો



તેમજ યાત્રાધામ અને પ્રવાસન ધામમાં બેરોકટોક ભીડ એકત્ર થઈ રહી છે. પોલીસ માત્ર તમાશા જોતી હોય તેમ જ્યાં શેડ હોય ત્યાં બેસી જઈ નિરાંતે મોબાઈલ મચડતી હોય છે અને કલેક્ટરના જાહેરનામાના અમલને ગળેટૂંપો દેવાતા હોય તેવા દ્રશ્યો બહાર આવી રહ્યા છે. વરસાદી વાતાવરણમાં યાત્રાધામ સપ્તેશ્વરમાં દૂર દૂરથી અનેક સહેલાણીઓ આવ્યા હતા પરંતુ મોટાભાગે સોશ્યલ ડિસ્ટન્સ સંપૂર્ણપણે ભૂલાયું છે. આવી સ્થિતિ લાંબો સમય ચાલશે તો કોરોનાનું સંક્રમણ બીજા તબક્કા કરતાં પણ વધુ ઘાતક સાબિત થઈ શકે છે.

# અરવલ્લીમાં જુગારના અડ્ડા ખૂલ્યા, પોલીસ એલ.સી.બી.ની કામગીરી શંકાના દાયરામાં

### મોડાસાના ફરેડીમાં જુગાર રમતા ૯ શકુની પોલીસને મળ્યા, લાખોની મત્તા જપ્ત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫ અરવલ્લીમાં જુગારના અડ્ડા ખોલવાની છૂટ આપ્યા જેવી સ્થિતિ છે. પોલીસ એલ.સી.બી.ની કામગીરી છેલ્લા દોઢ પખવાડીયાથી શંકાના દાયરામાં આવી છે. મોડાસાના ફરેડીના સીમાડામાં જુગાર રમતા ૯ શકુનીઓને પોલીસે લાખો રૂપિયાની રોકડ રકમ અને વાહન સાથે ઝડપી કાર્યવાહી કરી છે. શકુનીઓમાં સરકારી નોકરી કરતા કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટર હોવાનું બહાર આવ્યું છે.

નવરચિત અરવલ્લી જિલ્લામાં દારૂ જુગારની બદી ઘટવાના બદલે વધી છે. નવા નિમાયેલા પોલીસ વડા સંજય ખરાત વ્યાપેલી બદીને દૂર કરશે તેવી અપેક્ષા શરૂઆતમાં દેખાઈ પરંતુ પછી જે રીતે દારૂનો વેપલો સરેઆમ શરૂ થયો છે તેના કારણે સીસ્ટમમાં કોઈ બદલાવ આવ્યાના લોકઆક્ષેપ શરૂ થયા હતા. રાજ્ય પોલીસ



મહાનિર્દેષકે દારૂ-જુગાર સહિત માદક પદાર્થોની હેરાફેરી ઉપર અંકુશ મૂકવા માટે પોલીસ વડાઓને જણાવ્યું પરંતુ અરવલ્લીમાં પોલીસ મહાનિર્દેષકની સૂચના બેઅસર સાબિત થઈ રહી છે. ગઈકાલે મોડાસાના ફરેડી ગામ નજીક આવેલા ખેતરમાં કેટલાક લોકો ભેગા મળી જુગાર રમી રહ્યા છે તેવી પોલીસને માહિતી મળતાં પોલીસ બાતમીવાળા સ્થળે ત્રાટકીને જુગાર રમતા ૯ શકુનીઓને પકડી મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં લઈ આવી હતી. પોલીસને રૂા.૫૬,૬૫૦ રોકડા, ૭ મોબાઈલ, કાર વગેરે મળી રૂા.૧૧.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**આરોપીઓ..**

હિમેષ મહેશભાઈ પટેલ
મનિષ એસ. ભાવસાર
યોગેશ પી. પંચાલ
ભાવેશ પી. ભાવસાર
રાજેશ એમ. પટેલ, સાકરીયા
જીગર મહેન્દ્રભાઈ પ્રજાપતિ
આનકુમાર હસમુખભાઈ પટેલ
કમલેશ એ. પટેલ
કેતન ધીરેનભાઈ પ્રજાપતિ
(તમામ રહે.મોડાસા)

## ઉત્તર ગુજરાતમાં કપ્પા વાયરસના બે કેસથી દહેશતનો માહોલ

### કોરોનાના કેસમાં ફરી ઉછાળો, ત્રીજી લહેરની સંભાવના વધી

કોરોનાની બીજી લહેરમાંથી બહાર આવવાની સ્થિતિમાં દેવમંદિરો અને બજારમાં કોરોનાને નિમંત્રણ આપતી ભીડ જોવા મળી છે ત્યારે ઉત્તર ગુજરાત માટે ચિંતાજનક સમાચાર આવ્યા છે. ઉત્તર ગુજરાતના મહેસાણા અને તલોદમાં કોરોનાના વધુ એક નવા વાયરસ કપ્પા વાયરસના ૨ કેસ સામે આવતાં આરોગ્ય તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન કોરોના પોઝિટિવ કેસમાં ઉછાળો આવી રહ્યો છે. જેના કારણે ત્રીજી લહેરની સંભાવના વધી ગઈ છે.

દરરોજ સવાર પડે એટલે કોરોનાના નવા વેરિયન્ટના ખુલાસા થઈ રહ્યા છે તેમાં છેલ્લા ૪-૫ દિવસથી ગુજરાતમાં વધુ એક વેલેન્ટનો પગપેસારો કપ્પા વાયરસના નામે થઈ રહ્યો છે અને તેને આરોગ્ય વિભાગે પણ સમર્થન આપ્યું છે. હવે પછીના વેરિયન્ટ વધુ જોખમી હશે કે પછી સામાન્ય લક્ષણ ધરાવતા હશે તે અંગેનું સંશોધન પુનાની વાયરોલોજીકલ લેબમાં શરૂ કરવામાં આવ્યું છે પરંતુ અગાઉ કોરોનાથી સૌથી વધુ તબાહ થયેલા મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં કપ્પા વાયરસના ૧-૧ કેસ સામે આવતાં ચકચાર મચી છે. કપ્પા વાયરસના સકંજામાં આવેલા દર્દીઓને સારવાર આપવામાં આવી છે પરંતુ તે ક્યારે સાજા થશે તેમની સ્થિતિ કેવી છે..?? તે બાબતે કોઈ જાણકારી બહાર આવી નથી.

## બાયડની ત્રિપદા વિદ્યાલયમાં શાળાઓ બંધ, શિક્ષણ નહી

શાંતિકુંજ હરિદ્વારના સૂક્ષ્મ સંરક્ષણમાં યુગ નિર્માણ સંસ્કાર કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત ત્રિપદા પ્રાથમિક શાળા ગાયત્રી શકિતપીઠ બાયડના પ્રિન્સિપાલ પંકજભાઈ પટેલના જણાવ્યા અનુસાર હાલ વિધાલયમા કોવિડ-૧૯ની સર્જાયેલ સ્થિતિના કારણે શાળાના બાળકોને ઓનલાઈન શિક્ષણ સાથે- સાથે જે રેગ્યુલર શાળા ચાલુ હોય એ દરમ્યાન કરાવવાતી તમામ અભ્યાસ - સહઅભ્યાસ પ્રવૃત્તિઓ સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે થતું શૈક્ષણિક કાર્ય... ઓનલાઈન માધ્યમથી બાળકોને મળી રહે એ માટે શાળાના મેનેજમેન્ટ ટ્રસ્ટી, શાળા પ્રશાસનના સહયોગથી વર્ચ્યુઅલ વાલી મિટીંગ યોજી વાલીઓને માહિતી આપી સાથે સાથે બાળકોના અભ્યાસ સ્કીલ ડેવલપમેન્ટ માટે યોગ્ય માર્ગદર્શન આપીને સર્વાનુમતે ઓનલાઇન શિક્ષણ શરૂ કરેલ છે. જેમાં શૈક્ષણિક વર્ષ ૨૧/૨૨ દરમિયાન શાળા સત્રના પ્રારંભથી શૈક્ષણિક કાર્ય તેમજ અભ્યાસ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ યોજાઈ. જેમાં વિધારંભ સંસ્કાર કાર્યક્રમ, યોગા ક્લાસ, Show & tell activities, ચંદ્રશેખર આઝાદ જન્મજયંતિ ઉજવણી જેવા કાર્યક્રમો કરાવવામાં આવેલ છે.

## પ્રયાસો જરૂરી : બાયડ પાલિકા વિસ્તારને વિકાસ વિસ્તાર સત્તામંડળ જાહેર કરવાનું ભુલાયું

### વર્ષ-૨૦૧૧માં રાજ્યના શહેરી વિકાસને મોકલવામાં આવેલો અભિપ્રાય ક્યાં અટવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ બાયડ નગરપાલિકા વિસ્તારને વિકાસ વિસ્તાર સત્તામંડળ તરીકે જાહેર કરવા માટે રાજ્યના મુખ્ય નગર નિયોજકે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ-ગાંધીનગરના ખાસ ફરજ પરના અધિકારીને પત્ર પાઠવ્યો હતો જેમાં બાયડના સમગ્ર રેવન્યુ વિસ્તારને વિકાસ વિસ્તાર તરીકે જાહેર કરી અધિનિયમની કલમ-૬(૧) હેઠળ બાયડને વિસ્તાર વિકાસ સત્તા મંડળ તરીકે નિર્દિષ્ટ કરવાનો અભિપ્રાય હોવા છતાં ક્યાં અટવાયો છે તે કોઈને ખબર નથી. ભાજપ શાસિત બાયડ નગરપાલિકા દ્વારા અટવાયેલા મહત્વના પ્રશ્નોનો નિવેડો લાવવો જરૂરી છે.

નગરઆયોજન અને મૂલ્યાંકન ખાતુ-હિંમતનગર દ્વારા છેલ્લા કેટલાક સમયથી બાયડ પાલિકા વિસ્તારને વિકાસ વિસ્તાર સત્તામંડળ તરીકે જાહેર કરવા માટે પ્રયાસ કરતું આવ્યું છે. પરંતુ કોઈપણ કારણોસર તે થઈ શક્યું નથી. જો બાયડ સંપૂર્ણપણે વિકાસ વિસ્તાર સત્તામંડળ જાહેર કરવામાં આવે તો બાયડ તથા આસપાસના વિસ્તારોનો વધુ સારો સર્વાંગી વિકાસ થઈ શકે તેમ છે. વર્ષ-૧૯૯૯-૨૦૦૦માં બાયડ પંચાયત વિસ્તાર હતી ત્યારે તેની વાર્ષિક આવકરૂા.૭૦ લાખથી વધુ હતી અને વર્ષ-૨૦૦૮-૦૯માં આવક વધીને રૂા.૨.૩૨ કરોડથી પણ વધુની હતી અને તેથી જ ૩ ફેબ્રુઆરી-૨૦૧૧ના રોજ રાજ્યના ખાસ ફરજ પરના શહેરી વિકાસ વિભાગના અધિકારીને પત્ર લખવામાં આવ્યો હતો જેમાં બાયડને વિસ્તાર વિકાસ સત્તામંડળ જાહેર કરવાનો સ્પષ્ટ અભિપ્રાય હોવા છતાં આજદિન સુધી તેમાં કોઈ નિર્ણય લેવાયો નથી.

**વિકાસ વિસ્તાર જાહેર થાય તો શું ફાયદો..**

બાયડના સમગ્ર રેવન્યુ વિસ્તારને સરકાર વિકાસ વિસ્તાર જાહેર કરે તો બાયડમાં પૂરતી આંતર માળખાકીય સવલતોનો જે અભાવ છે તે પરીપૂર્ણ થાય. પાણી-ગટરના પ્રશ્નોસહ પાર્કીંગ, ટ્રાફીકના પ્રશ્નો ઝડપથી હલ થાય. બાયડ વિસ્તારને વિકાસ આયોજનની દ્રષ્ટીએ માળખાકીય સુવિધાઓથી સજ્જ અને સુઆયોજીત, સમતુલિત વિકાસ થાય તે માટે આગોતરૂ આયોજન કરવાનું હતું. યોગ્ય દિર્ઘદ્રષ્ટી રાખી સત્તાધિશો આ અંગે સરકારમાં રજૂઆત કરે તો બાયડનો ભવ્ય અને દિવ્ય વિકાસ સંભવ બની શકે છે.